ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૧૪-ન.બા.૭૯-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૬/૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી (અજાક) ની કચેરીનો તા.૧૫/૫/૨૦૧૪ નો પત્ર નં:-અજાક/ગ-૧/૧/૨૦૧૪-૧૫/૬૭૪૮-૪૯

ઠરાવ:-

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાની કારકીર્દી બનાવવા તત્પર હોય છે. પરંતુ તેઓની સામાજિક, આર્થિક પરિસ્થિતિ યોગ્ય માર્ગદર્શન તથા કોચીંગ વર્ગોના અભાવે મેડીકલ, એન્જીનિયરીંગના પ્રવેશ માટેની NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકતા નથી. અને મેરીટમાં આવતા નથી. આમ તેજસ્વી હોવા છતાં ઉચ્ચતમ કારકીર્દી બનાવી શકતા નથી અને બેકલોગની જગ્યાઓ પણ ખાલી રહેતી હોય છે. આ જગ્યાઓ ખાલી ન રહે તેમજ વિદ્યાર્થીઓ તેઓની ઉચ્ચતમ કારકીર્દી બનાવી શકે તે હેતુ ધ્યાને લઈ આ વિદ્યાર્થીઓને આ પરીક્ષાઓની પૂર્વ તૈયારી કરવા માટે કોચીંગ ફી પેટે સહાય આપવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના નિયામકશ્રી (અજાક) ના પત્રથી વર્ષ-૨૦૧૪-૧૫ માટે રૂ.30.00 લાખની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ ના ધોરણ-૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ સાથે પાસ થયેલ અને ધો-૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મેડીકલ, એન્જીનિયરીંગના પ્રવેશ માટેની NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની પરીક્ષા ઓની પૂર્વ તૈયારી કરવા માટે કોચીંગ ફી પેટે સહાય આપવા માટેની વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ.30.00 લાખની નવી બાબતનો નીચેની શરોતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ માં ભણતા અને ધોરણ ૧૦માં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવેલ હોય તેવા તમામ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવશે નહીં. પરંતુ સરકારશ્રી દ્વારા કોચીંગની વ્યવસ્થા કરવામાં આવશે.

(૩) વિદ્યાર્થીદીઠ વધુમાં વધુ રૂ.૨૦,૦૦૦/- સુધીનો ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ યોજના હેઠળ સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ કાઈટેરીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થા ઈમ્પેનલ કરવાની રહેશે.

(૫) આ તાલીમ વર્ગમાં રૂ.૪.૫ લાખથી ઓછી આવકવાળા (આર્થિક રીતે પછાત) કુટંબની ધો-૧૦માં ૮૦ ટકાથી વધ ગુણ મેળવેલ કન્યાઓનો પણ સમાવેશ કરી શકાશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગમી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટન અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૫-અનુ.જાતિ પેટા યોજના (આયોજન), મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્યસદર:૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટાસદર-(૩૧)બીસીકે-૦૭ ધો-૧૨(વિજ્ઞાન પ્રવાહ) માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને અનુ શિક્ષણ ફી જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાં વિભાગની તા.૨૪/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
સેક્શન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી,(સા.ન્યા) અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય રા.ક. મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગ.
અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.પ.વર્ગક.અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.સમાજકલ્યાણા અધિકારીશ્રી, (પંચાયત) નિયામકશ્રી અજાક મારકત).
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ શાખા, વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતિ સહ
પસંદગીની ફાઈલ.